ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

● મંગળવાર તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૧

# પાયાની સુવિધાનાં અભાવ વચ્ચે વિકાસ માટે પા...પા... પગલી ભરતું ડભલાઇ



નવસારી તાલુકાનું ડભલાઇ ગામ આદિવાસી વસ્તી ધરાવતું ગામ છે. મુખ્યમાર્ગને અડીને આવેલું હોવા છતાં સુવિધાનાં નામે મીંડુ વર્તાઇ છે. પાણીની ટાંકી શોભાનાં ગાંઠીયા સમાન છે. તો આરોગ્ય સુવિધા ગામે જણાતી નથી. ત્યારે ડભલાઇ ગામનો વિકાસ કયારે થશે?

**ટાઉન ટોક**
**સરજુ મોદી**

નવસારી તાલુકાનાં પૂર્વ પટ્ટીનાં ગામો રાજયનાં કેબીનેટ મંત્રી મંગુભાઇ પટેલનાં મતવિસ્તારમાં હોય ઘણાં ગામોમાં વિકાસનાં



પ્રાથમિક શાળા

કામો પૂરઝડપમાં થયેલા જોવા મળે છે. ને ઘણાં ગામો રાજકીય હુંસાતુંસીનો પણ ભોગ બન્યાનું જાણવા મળે છે. તે પૈકીનું નવસારી તાલુકા પંચાયત વિસ્તારનું ડભલાઇ- બૂટલાવ જુથ

**ડભલાઇ ગામે પાણીની સુવિધામાં ભ્રષ્ટાચારનો અજગર ભરડો**

ગ્રામપંચાયતોનું ડભલાઇ ગામ આજે વિકાસ કામો માટે ફાંફાં મારતું હોય એમ લાગે છે. ગામલોકોનાં પ્રયત્નોથી દૂધમંડળી,ખૂંટાઇ માતાનું મંદિર અને મીનરલ વોટર પ્લાન્ટ ડભલાઇ ગામે જોવા મળે છે જયારે માર્ગોની સમસ્યા ગામલોકોને પરેશાનીમાં મૂકી રહી છે. તો ડભલાઇ ગામમાં સરકારી જમીનોમાં ખેતી થથી હોવાની ચાલતી પ્રવૃત્તિપણ ગામવાસીઓ ડામવા માટે મહેસુલીતંત્ર પણ



ચોતરો

રાખેલી આશાઓ પણ ઠગારી નીવડી રહી છે. ડભલાઇ- બુટલાવ જુથ ગ્રામ પંચાયતનાં ડભલાઇ ગામે થયેલાં માર્ગોનાં ગામોમાં પણ ભ્રષ્ટાચાર આચરાઇ રહ્યાનું ગામલોકો કહે છે અને જયારે ડભલાઇ ગામનાં

**ડભલાઇ ગામનાં વિનોદભાઇ પટેલ સંગીત ક્ષેત્રમાં જાણીતા તો રામભાઇ ભુલાભાઇ પટેલ સ્વાતંત્ર્ય સૈનિક**

રામભાઇ ભૂલાભાઇ પટેલે આઝાદીની લડતમાં સક્રિય ભાગ ભજવી, ડભલાઇ ગામનું નામ રોશન કર્યું હતું એમ તો સરકારી ચોપડે ડભલાઇ બુટલાવ જુથ ગ્રામ પંચાયત હોય ડભાઇનો વસ્તીઆંક માત્ર ૫૮૫ જ રહ્યો છે.

નવસારી તાલુકાની પૂર્વ પટ્ટીમાં ચાર-પાંચ મુખ્ય માર્ગોને બાદ કરતાં મુખ્ય વસ્તી આદીવાસીઓની છે. પરંતુ આજે પણ આદીવાસીઓની સમસ્યા ઠેરની ઠેર જ રહેવા પામી છે. આ વિસ્તારમાંથી ચૂંટાતા ધારાસભ્ય મંગુભાઇ પટેલ રાજયાં



સ્વાન્તઃસુખાય પ્રોજેક્ટ હેઠળ પુસ્તકાલય

આદીજાતી વિભાગમાં કેબીનેટ મંત્રી છેલ્લા ત્રણ ટર્મથી હોવા છતાં તેમજ રાજય સરકારે પંદર



ડભલાઇ દૂધ મંડળી

**માત્ર ૧૫૯ હેક્ટર વિસ્તારમાં વિકસેલા ડભલાઇનાં સરકારી ચોપડે ૧૫૧ રહેણાંક મકાનો**

હજાર કરોડ ₹ ની વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મુકયાને ત્રણ ઉપરાંત વર્ષ થયેલા હોય પરંતુ સ્થાનિક લોકોને વનબંધુ કલ્યાણ યોજનાથી ઝાઝો ફરક પડયો નથી. ગ્રામપંચાયત વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલા કામોની પણ તપાસ થાય તો અન્ના હજારેનાં ભ્રષ્ટાચાર હટાવવા માટે લોકપાલ બીલની માંગણીમાં મળેલા પ્રચંડ સમર્થનનો જવાબ સરકારી તંત્રને મળી જ જાય છે. આ પરિસ્થિતિ વચ્ચે રાજયનાં મુખ્યમંત્રી નરેન્દ્રત્રાઇ મોદી 'હું ખાતો નથી અને ખાવા દેતો નથી'નું સૂત્ર આપે

**ગામલોકોનાં સહયોગથી સાકાર પામેલું ખુંટાઇ માતાનું મંદિર તથા પાણીજન્ય રોગોનાં છૂટકારા માટે મીનરલ વૉટર પ્લાન્ટ**

છે. તો બીજી બાજુ રાજયપાલે લોકાયુકની થયેલી નિમણૂકને હાઇકોર્ટમાં પડકારવામાં આવે છે. આ બેધારી નીતિનાં મૂળમાં

(અનુસંધાન પાના નવ પર)



ખૂંટાઇ માતાજી મંદિર

## સમાહર્તા ડો. સંધ્યા મેડમ એક નજર ઈધર ભી

# ડભલાઈની સરકારી જમીનો પર ખાનગી ઈસમોનો કબજો

નવસારી તાલુકાનાં પૂર્વ વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા મંગુભાઇ પટેલ રાજ્યમાં કેબીનેટ મંત્રી હોવા છતાં જિલ્લાનાં વહીવટમાં તો દીવા તળે અંધારાની જ પ્રતીતી થઇ રહી છે. નવસારી તાલુકાનાં ડભલાઇ સહીતનાં ગામોમાં ખાનગી ઈસમો દ્વારા સરકારી જમીનોમાં બિંન્દાસ્તપણે ખેતી થતી હોવા છતાં જિલ્લા મહેસુલતંત્રને તપાસ કરવાની ફુરસદ મળતી નથી.

નવસારી જિલ્લાનાં ખાડે ગયેલા મહેસુલીતંત્રથી સામાન્ય પ્રજા તો હેરાન પરેશાન થઇ ચૂકયા છે. તો નવાસારી તાલુકાનાં ડભલાઇ

(અનુસંધાન પાના નવ પર)



સરકારી જમીનમાં ખેતી

## સરકારી જમીનોમાં બિંન્દાસ્ત ખેતી થતી હોવા છતાં મામલતદારને તપાસ કરવાની ફુરસદ નથી

# સ્થાપત્ય અને ધર્મસ્થળોથી પ્રસિધ્ધ જુનાગઢ પંથક

સોરઠનાં નામથી પ્રસિધ્ધ જુનાગઢ જિલ્લાને કુદરતે બે હાથ મોકળા કરીને સૌંદર્યની લહાણી



સાસણગીર

કરી છે. ઐતિહાસિક સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વિરોધાભાસનું વૈભવ પણ આપ્યું છે. જુનાગઢ શહેરમાં અનેક સ્થળો આવેલા જેમાં ગિરનાર, અશોક શિલાલેખ, દામોદર કુંડ, ભવનાથ મંદિર ઉપરાંત સક્કર બાગ પ્રાણીસંગ્રહાલય, નરસિંહ મહેતાનો ચોરો વિગેરે વિસ્તારો છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં આપણે આજે સફર કરીશુ.

જૂનાગઢ જિલ્લા મથકથી ૯૭ કિ.મિ.ના અંતરે આવેલ પ્રભાસ

**આંબાજળ નદીનાં કાંઠા પર શોભાયમાન સત્તાધાર ''ભૂખ્યાને રોટલો અને અનાથને આશરો'નાં સૂત્રને ખરા અથમાં સાર્થક કરે છે.**

તીર્થક્ષેત્ર સ્થિત પ્રાચીન અને બાર જ્યોર્તિલીંગમાંના પ્રથમ જ્યોર્તિલીંગ ભગવાન સોમનાથનું અતિ ભવ્ય મંદિર છે. આ મંદિર વૈદિક કાળથી પણ પુરાણું છે. વિધર્મીઓના આક્રમણને કારણે છ-છ વખત ખંડિત થયેલા ભારત વર્ષના આ શ્રધ્ધા



તુલશીધામ મંદિર

કેન્દ્રનો દરેક વખતે જીર્ણોધ્ધાર થયો છે. અને દરેક વખતે મંદિર વધુ સમૃદ્ધ થયું છે. તા. ૧૧ મે ૧૯૫૧ના દિવસે લોહપુરૂષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલના પ્રયાસોથી મંદિરનો સાતમી વખત જીર્ણોધ્ધાર કરી સોમનાથ જ્યોર્તિલીંગની પ્રાણ

(અનુસંધાન પાના નવ પર)

**સાસણ ગીર જૂનાગઢ જિલ્લા મથકથી ૬૦ કિ.મી. અંતરે આવેલું છે. સિંહ, સાવજ, ઉનિયો વાઘ, બબ્બર શેર તરીકે જગપ્રસિધ્ધ એશિયાટીક લાયન સોરઠના સાવજને કુદરતના ખોળે વિહરતો નિહાળવા ગીરનું જંગલ ખૂંદવું પડે**

## નવસારીમાં બાપ્પા મોરીયા



નવસારી પાંચહાટડી નવશણગાર સજેલા ગણપતિ બાપ્પા તથા બાળભક્ત

